## *પ્રેસ નોટ*

# બ્રહ્માકુમારીઝ દ્વારા માઈન્ડ બોડી મેડીસીન કોન્ફરન્સ યોજાઈ

બ્રહ્માકુમારીઝ, ગુજરાત અને રાજયોગ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશનની મેડીકલ વીંગની ૧૯મી કોન્ફરન્સ માઈન્ડ, બોડી, મેડીસીનનું ઉદઘાટન (તા.૨૧-૨-૨૦૧૦, રવિવારે) સવારે ૧૦-૩૦ વાગે કાનન પાર્ટી પ્લોટ હોલ, ઇન્દિરાબ્રીજ પાસે, અમદાવાદમાં ગુજરાતના આરોગ્યમંત્રી શ્રી જયનારાયણ વ્યાસના વરદ્‌હસ્તે કરવામાં આવ્યું.

તેમણે પોતાના ઉદઘાટન પ્રવચનમાં વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલનો ઉલ્લેખ કરી જણાવ્યું કે 'તેરા મન દર્પણ કહેલાયે'.....કહેવાયું છે. માણસના લાગણીના આવેગો ડાયાબીટીસ, હાઈબ્લડ પ્રેશરનો દર્દી બનાવે છે. લાગણીના આવેગોને શાંત કરવાથી મહદઅંશે હૃદયરોગના આવેગો ઉપર કાબુ મેળવી શકાય છે. યોગ રોગ પ્રતિકાર શક્તિમાં પુનઃસ્વાસ્થ્ય પ્રાપ્તિમાં અસરકારક નીવડે છે.

તેમણે જાણીતા કવિ રૂડયાર્ડ કીપલીંગનો ઉલ્લેખ કરી જણાવ્યું કે જલકમલવત જીવન જીવવાની ક્ષમતા કેળવાય તો ઘણા બધા પ્રશ્નો અટકી જાય. ડૉકટર ધન્વંતરીનો અવતાર છે. માનવીની પળ પળ ઇશ્વરદત્ત છે. સત્તા, કીર્તિ ઇશ્વરદત્ત છે. સરસ્વતી ઇશ્વરદત્ત છે. માનવે અપેક્ષારહિત જીવન જીવવું જોઈએ. અપેક્ષા એજ હોય કે હું કોઈના કામમાં આવું. તેમણે જણાવ્યું કે શિવતત્વ ન મેળવી શકીએ પણ માનવ બનીએ.

આસ્થા ટી.વી. ચેનલમાં બ્રહ્માકુમારીઝનાં પ્રખર વક્તા બ્રહ્માકુમારી શિવાનીબેને મનનીય પ્રવચન કર્યું તેમણે જણાવ્યું કે ભય આપણી યોગ્યતાઓને નિર્મૂળ કરી દે છે. ગુજરાત ઝોન ડાયરેકટર રાજયોગિની સરલાદીદીએ શ્રી જયનારાયણ વ્સાસનું શાલ ઓઢાડીને સન્માન કર્યું. મંચ સચિવની કાર્યવાહી મુંબઈથી પધારેલા ડૉ. ગિરીશ પટેલે સંભાળી. સ્વાગત પ્રવચન માઉન્ટઆબુથી પધારેલા ડૉ. બનારસીભાઈ સાહે કર્યું. બ્રહ્માકુમારીઝ સંસ્થાના પરિચય અને કોન્ફરન્સના હેતુ વિશે મુંબઈથી પધારેલા ડૉ. અશોક મહેતાએ જણાવ્યું, આભારવિધિ ડૉ. મુકેશ પટેલે કરી. બીજા સત્રમાં અમદાવાદના ડૉ. સુધીર શાહ અને દિલ્હીથી પધારેલા ડૉ. મોહિત ગુપ્તાએ મનનીય પ્રવચનો કર્યા. ૬૦૦ કરતાંયે વધુ ડૉકટર્સે કાર્યક્રમનો લાભ લીધો. બ્રહ્માકુમારી શિવાનીબેનનાં પ્રવચનો ભિન્ન ભિન્ન સ્થળોએ યોજાયાં. માઈન્ડ બોડી મેડીસીન કોન્ફરન્સમાં એમણે કરેલાં પ્રવચનોથી ડૉકટર્સ ઘણા પ્રભાવિત થયા.

ઈશ્વરીય સેવામાં,

**(બી. કે. સરલાદીદી)**

ડાયરેકટર, બ્રહ્માકુમારીઝ ગુજરાત